Economic Times (Guj.)

October 27, 2017
Pg.2

EDII

# સ્ટાર્ટ-અપ્સ પ્રોત્સાહન માટે EDIIને એવોર્ડ

**અમદાવાદઃ** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા માટે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) એવોર્ડ પ્રાપ્ત થયો છે. ચેન્નાઈમાં ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલની સ્ટાર્ટ-અપ સમિટ દરમિયાન તેમના કેમ્પસમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન અને સમર્થન આપવા ભારતની શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં ઉત્કૃષ્ટ સફળતાને



બિરદાવવા એઆઈસીટીઈ એવોર્ડ એનાયત થાય છે. ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "ઈડીઆઈઆઈ ભારતમાં ઉદ્યોગસાહસિકતા વિકસાવવામાં મોખરે છે અને આ પ્રકારના એવોર્ડ મહેનતનો પુરાવો છે, જે વર્ષોથી કરી રહ્યા છીએ. અમારો અભ્યાસક્રમ નવા વ્યવસાયો ઊભા કરવા અને વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન પછી નવાં સાહસો શરૂ કરવા સાથે સંબંધિત છે. અમે બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર, સેન્ટર ફોર એડ્વાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝિસ (ક્રેડલ) પણ શરૂ કર્યા છે, જેથી નવા સ્ટાર્ટ-અપ્સને માર્ગદર્શન આપી શકાય તથા ઉદ્યોગસાહસની ઝડપી વૃદ્ધિ માટે ટેક્નોલોજીનું ઝડપથી કોમર્શિયલાઈઝેશન સુલભ થાય. ભારતમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ રસપ્રદ તબક્કામાં છે અને અમે નવાં ઉદ્યોગસાહસો શરૂ કરવામાં મદદ કરવાનું ચાલુ રાખીશું, જેનાથી આગામી થોડાં વર્ષોમાં રોજગારીનું સર્જન થશે."